સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...


# સમય સંદેશ


અષાઢ વદ - ૦૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**
તન મેલું થશે તો ધોઈ શકશો પણ મન મેલું થશે તો ક્યાં નહિ ધોવાય, ભલે ને પછી ગંગા નદી માં ચોવીશ કલાક બેસી રહો!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૪૩ ● તારીખઃ ૦૧.૦૮.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


નવસારી


અમરેલી


બીલીમોરા


સુરત


વડોદરા

રાજ્યમાં એકસાથે ૫ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં શુક્રવારે અંબિકા, નેત્રંગ, ઉમરપાડા અને વાંસદા સહિતના વિસ્તારોમાં ૧૦ થી ૧૧ ઈંચ જેટલો આભ ફાટ્યો વરસાદ ખાબકતાં જળબંબાકાર અને પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ૧૮૫થી વધુ તાલુકાઓમાં નોંધાયેલા ભારે વરસાદને પગલે નદી-નાળાં છલકાયા છે અને તંત્ર દ્વારા જઉછઋ તથા રેસ્ક્યૂ ટીમોને તૈનાત કરીને નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે. હવામાન વિભાગે આગામી ૬ ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપી છે.

# દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં દેખાયું મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપઃ અંબિકા અને નેત્રંગમાં આભ ફાટ્યુંઃ ૧૧ ઈંચથી વધુ વરસાદ

## શુક્રવારે રાજ્યના ૧૮૫ તાલુકાઓમાં ધોધમારઃ પૂરની સ્થિતિ વચ્ચે NDRF-SDRF અલર્ટ, નદી-નાળા છલકાયા

**સમય સંદેશઃ ગાંધીનગર**

ચોમાસાની વર્તમાન ઋતુમાં મેઘરાજાએ દક્ષિણ અને મધ્ય ગુજરાત પર પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. ગત શુક્રવારે (૩૧ જુલાઈ) સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા વરસાદી આંકડા અનુસાર, માત્ર ૧૨ કલાકના સમયગાળામાં દક્ષિણ અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. રાજ્યના કુલ ૧૮૫ તાલુકાઓમાં નોંધાયેલા વરસાદ વચ્ચે સુરતના અંબિકા અને ભરૂચના નેત્રંગમાં સૌથી વધુ ૧૧ ઈંચથી વધુ મુશળધાર વરસાદ ખાબક્યો હતો.

મુશળધાર વરસાદના કારણે સુરત જિલ્લાના અંબિકા પંથકમાં ૧૨ કલાકમાં ૧૧.૪૬ ઈંચ (૨૯૧ મિ.મી.) વરસાદ નોંધાતાં સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. બીજી તરફ, ભરૂચના નેત્રંગમાં

અનુ પાના નં.૨ પર

### હાઈ એલર્ટ ! હવામાન વિભાગની આગાહી

આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ અને ૫ સિસ્ટમ સક્રિય થઈ હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય પર હાલ ડિપ્રેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, શીયર ઝોન અને મોન્સૂન ટ્રફ સહિતની એકસાથે ૫ વરસાદી સિસ્ટમ્સ સક્રિય થઈ છે. કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, મોરબી, સુરેન્દ્રનગર, પાટણ અને મહેસાણા સહિત ૮ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે 'યલો અલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આગામી ૬ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદી માહોલ જળવાઈ રહેશે. દરિયાઈ વિસ્તારમાં તોફાની પવન ફુંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના આપવામાં આવી છે.

# જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદને પગલે કંટ્રોલ રૂમ કાર્યરતઃ નાગરિકો માટે સલામતીની માર્ગદર્શિકા જાહેર

**સમય સંદેશઃ જામનગર**

હાલ રાજ્યમાં સર્જાયેલી તોફાની વરસાદી સિસ્ટમ અને અતિ ભારે વરસાદની સંભાવનાને ધ્યાને રાખીને જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે કંટ્રોલ રૂમના નંબર જાહેર કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ (૦૨૮૮-૨૫૫૩૪૦૪, ટોલ ફ્રીઃ ૧૦૭૭) તેમજ જામનગર મહાનગરપાલિકા (૦૨૮૮-૨૭૭૦૫૧૫) અને જિલ્લા પંચાયત (૦૨૮૮-૨૫૫૦૨૨૧)ના કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત તમામ તાલુકા મથકો જેવા કે જોડિયા (૦૨૮૯૩-૨૨૨૦૨૧), ધ્રોલ (૦૨૮૯૭-૨૨૨૦૦૧), કાલાવડ (૦૨૮૯૪-૨૨૨૦૦૨), લાલપુર (૦૨૮૯૫-૨૭૨૨૨૨) અને જામજોધપુર (૦૨૮૯૮-૨૨૧૧૩૬) ખાતે પણ નાગરિકોની મદદ માટે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર જાહેર કરાયા છે.

ભારે વરસાદ કે કોઈ પણ અણધારી પરિસ્થિતિ દરમિયાન જાનમાલની સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા નાગરિકો માટે અગત્યની ચેતવણીઓ અને સાવચેતીના પગલાં પણ સૂચવવામાં આવ્યા છે. અતિ ભારે વરસાદ વખતે લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને ઘરમાં જ રહેવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત નદી, નાળા અને તળાવ જેવા જળાશયોથી દુર રહેવા તેમજ પાણીથી ભરેલા રસ્તાઓ પર ડ્રાઈવિંગ ન કરવા જણાવવામાં આવ્યું છે. વીજળીના થાંભલા, ઝાડ અને જર્જરિત ઈમારતોથી સુરક્ષિત અંતર જાળવવાની સાથે વીજ ઉપકરણોને બંધ રાખવાની ખાસ સૂચના અપાઈ છે. ઈમરજન્સી સ્થિતિને ધ્યાનમાં રાખીને માલસામાન

અનુ પાના નં.૨ પર

# સંસદ પરિસરમાં 'પૂજારી' પપ્પુ યાદવના વિરોધને લઈને વિવાદ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

રામ મંદિર ચંદા ચોરીને મામલે વિરોધ પક્ષ સતત સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યો છે. એ દરમિયાન સંસદના મોન્સૂન સત્ર દરમિયાન સોમવારે સંસદ પરિસરમાં પપ્પુ યાદવ સહિત અનેક વિરોધી પક્ષના નેતાઓએ આ મુદ્દે સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. આ પ્રસંગે સાંસદ પપ્પુ યાદવ પૂજારીના વેશમાં આવ્યા હતા. તેમના ઉપરાંત ઘણા વિરોધી સાંસદો દાનપેટી લઈને પણ સંસદ પરિસરમાં પહોંચ્યા હતા. વિરોધ પક્ષના નેતાઓએ એક પ્રતીકાત્મક નાટ્યરૂપ પ્રદર્શન કર્યું, જેમાં પપ્પુ યાદવને ચંદા ચોર તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

પપ્પુ યાદવના વિરોધ પ્રદર્શનની રીતને લઈને ભાજપના નેતાઓએ વાંધો ઉઠાવ્યો છે.



આરોપ છે કે પપ્પુ યાદવે અવધેશ પ્રસાદના પગે લાગવા માટે ભગવાન રામની તસવીર જમીન પર મૂકી દીધી હતી.

આ ઘટનાને લઈને વિવાદ વધુ ઘેરો બન્યો છે. સંત સમાજે પણ પપ્પુ યાદવના આ વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિડિયોમાં જોવા મળે છે કે વિરોધ પક્ષે એક નાટ્યરૂપ પ્રદર્શન કર્યું હતું, જેમાં પપ્પુ યાદવને ચંદા ચોર તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ કેટલાક સાંસદો દાનપેટીમાં દાન નાખતા દેખાય છે. આ દરમિયાન અયોધ્યાના સાંસદ અવધેશકુમાર પણ દાનપેટીમાં દાન આપવા માટે આગળ આવે છે. ત્યારે પૂજારીના વેશમાં બેઠેલા પપ્પુ યાદવ તેમના પગે લાગે છે, પરંતુ પગે લાગતી વખતે તેઓ ભગવાન રામની તસવીર જમીન પર મૂકી દેતા દેખાય છે.

# સેઉટા સરહદે દરિયાઈ માર્ગે ઘૂસણખોરી કરતાં ૩૪ના મોત

## યુરોપમાં ૬૦ હજાર ગેરકાયદેસર સ્થળાંતરકારોની ઘૂસણખોરી બાદ EU આક્રમક, ફ્રન્ટેક્સ સેના મોકલવા તૈયારી

**સમય સંદેશઃ ડેસ્ક**

સ્પેનના ઉત્તર આફ્રિકન પ્રદેશ સેઉટાની સરહદે ઘૂસણખોરીની ગંભીર કટોકટી સર્જાતા યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને આકરા શબ્દોમાં નિંદા કરી છે. સોશિયલ મીડિયા પર શેર કરેલી વિગતવાર પોસ્ટમાં તેમણે સરહદ પરના દ્રશ્યોને ''અસ્વીકાર્ય'' ગણાવતા સ્પષ્ટ ચેતવણી આપી છે કે યુરોપિયન યુનિયન પોતાના કાયદાઓ અને નિયમોનું ઉલ્લંઘન કરીને થતા કોઈ પણ બિનઅધિકૃત પ્રવેશને સહન કરશે નહીં. ઊઅ ની બાહ્ય સરહદોની સુરક્ષા જાળવવી



એ પ્રાથમિકતા હોવાનું જણાવીને તેમણે ખતરનાક રીતે થતા સરહદ ક્રોસિંગને તાત્કાલિક અસરથી બંધ કરવા અને સુરક્ષા મજબૂત કરવા આદેશ આપ્યા છે. આ કટોકટી ત્યારે ભયાનક બની જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં મોરોક્કોથી લગભગ ૬૦,૦૦૦ જેટલા ગેરકાયદેસર સ્થળાંતરકારો સેઉટામાં ઘૂસી આવ્યા, જે આ શહેરની કુલ વસ્તીના અંદાજે ૭૦ ટકા જેટલી મોટી સંખ્યા છે. દરિયાઈ માર્ગે તરીને તથા સરહદી વાડ પરથી ઘૂસણખોરી કરવાના સાહસમાં ઓછામાં ઓછા ૩૪ લોકોના કરુણ મોત નીપજ્યા છે. સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે સ્થળ પર પહોંચીને આ ઘટનાને સ્પેનની પ્રાદેશિક અખંડિતતા પર હુમલો ગણાવ્યો છે. મોરોક્કન સુરક્ષા દળોના ટીયર ગેસના શેલ છોડવા છતાં સ્થિતિ બેકાબૂ બનતાં સેઉટાના પ્રમુખ જુઆન જેસુસ વિવાસે પરિસ્થિતિને ''સંપૂર્ણપણે બિનટકાઉ'' ગણાવી ત્વરિત કાનૂની

અનુ પાના નં.૨ પર

# ભારે વરસાદને પગલે GPSC બાદ TATની પરીક્ષાઓ મોકૂફ રખાઈ

**સમય સંદેશઃ ગાંધીનગર**


જીપીએસસી બાદ હવે TATની પરીક્ષાના ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યાં છે. ભારે વરસાદને પગલે ૨ ઓગસ્ટે યોજનારી TATની પરીક્ષા ટાળી દેવાઈ છે જે હવે હવે ૮ ઓગસ્ટે યોજાશે. તેમજ પરીક્ષાર્થીઓને જૂની હોલ ટિકિટથી પ્રવેશ આપવામાં આવશે. GPSC દ્વારા શનિવારે લેવાનારી ૩૪ કેડરની પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. GPSCએ સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી હતી. હવે GPSCની ફરી પરીક્ષા ૯ ઓગસ્ટે યોજાશે. ભારે વરસાદને કારણે જીપીએસસીની પરીક્ષા મોકૂફ રખાઈ છે. હાલમાં ૩૧જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી રાજ્યભરમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હોવાથી જીપીએસસી દ્વારા ૩૪ કેડરની પરીક્ષા મોકૂફ રખાઈ છે. ઉમેદવારોની વિવિધ માધ્યમો દ્વારા મળેલ રજૂઆતોને ધ્યાનમાં રાખીને

અનુ પાના નં.૨ પર

# અંકિત શર્મા હત્યા કેસમાં તાહિર હુસૈન સહિત ૫ દોષિતોને આજીવન કેદની સજા

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારી અંકિત શર્માની હત્યાના ચર્ચિત કેસમાં શુક્રવારે દિલ્હીની કડકડડૂમા કોર્ટે 'આપ'ના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન સહિત પાંચ દોષિતોને આજીવન કેદની (ઉમ્રકેદ) સજા સંભળાવી છે. કોર્ટે આઈબી અધિકારી અંકિત શર્મા હત્યા કેસમાં તમામ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) હેઠળ આજીવન કેદની સજા સંભળાવી છે. આ ઉપરાંત દોષિતોને રમખાણો કરવા, ઘાતક હથિયારો સાથે દંગા કરવા, અપહરણ અને હત્યા જેવા ગંભીર ગુનાઓ માટે પણ સજા સંભળાવવામાં આવી છે. અદાલતે મુખ્ય આરોપી તાહિર હુસૈન પર ૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. વર્ષ



૨૦૨૦ માં દિલ્હી રમખાણો દરમિયાન આઈબી અધિકારી અંકિત શર્માની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ મામલે કડકડડૂમા કોર્ટે ૧૩ જુલાઈના રોજ પૂર્વ ખઈઉ કાઉન્સિલર તાહિર હુસૈન, નાઝિમ, કાસિમ, જાવેદ અને અન્સને હત્યા તથા ફોજદારી કાવતરા જેવી ગંભીર કલમો હેઠળ દોષિત ઠેરવ્યા હતા. લાંબા સમય સુધી ચાલેલી સુનાવણી દરમિયાન સાક્ષીઓના નિવેદનો, ફોરેન્સિક રિપોર્ટ અને અન્ય પૂરાવાઓના આધારે કોર્ટે આ પાંચેય આરોપીઓને ગુનેગાર માન્યા હતા. અદાલતે તેમને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા), કલમ ૩૬૩ (અપહરણ) અને કલમ ૧૪૭ (રમખાણ) હેઠળ દોષિત ઠેરવ્યા હતા, જેના આધારે હવે સજાની જાહેરાત કરવામાં આવી છે.



# વંદે ભારતમાં ૨૧૭ મિનિટમાં 'લાઈવ હાર્ટ' સુરતથી અમદાવાદ પહોંચ્યું

**સમય સંદેશઃ ગાંધીનગર**

અમદાવાદઃ આરોગ્ય ક્ષેત્રે ભારતીય રેલવેએ એક નવો ઐતિહાસિક અધ્યાય લખ્યો છે. રેલવે દ્વારા ઈતિહાસમાં પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો ઉપયોગ કરીને જીવંત હૃદય (લાઇવ હાર્ટ)નું સફળતાપૂર્વક પરિવહન કરવામાં આવ્યું છે. સુરતથી અમદાવાદ સુધી મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૦૯૦૧) મારફતે આ હૃદયને અત્યંત સુરક્ષિત અને સમયસર અમદાવાદ પહોંચાડવામાં આવ્યું હતું. આ હૃદયનું પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) અમદાવાદની પ્રખ્યાત યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે કરવામાં આવશે.આ અત્યંત સંવેદનશીલ અને સમયબદ્ધ જીવનરક્ષક મિશન ભારતીય રેલવે, રેલવે સુરક્ષા દળ, ગુજરાત રાજ્ય પોલીસ અને તબીબી ટીમોના ઉત્કૃષ્ટ

અનુ પાના નં.૨ પર

# ખેડૂતો માટે ખુશખબરઃ ૯ કરોડથી વધુ ખેડૂતોને મળશે સીધો ફાયદો

## મોદી કેબિનેટે પ્રધાનમંત્રી સૂર્ય સરોવર યોજનાને મંજૂરી આપી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે કેબિનેટની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ અંતર્ગત, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને આગામી પાંચ વર્ષ માટે, ૨૦૩૦-૩૧ સુધી લંબાવવામાં આવી છે. આ માટે ૩.૧૫ લાખ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્ર સરકારના આ નિર્ણયની જાણકારી આપી હતી.

મોદી કેબિનેટે પ્રધાનમંત્રી સૂર્ય સરોવર યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દેશમાં ફ્લોટિંગ સોલાર ફોટોવોલ્ટેઇક ક્ષમતા વધારવાનો છે. આ યોજનાનો ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં ૫,૦૦૦ મેગાવોટ ઋજીટ ક્ષમતા પ્રાપ્ત કરવાનો છે, જે વર્તમાન સ્થાપિત ક્ષમતા આશરે ૭૦૦ મેગાવોટ કરતા સાત ગણી વધારે છે.

પીએમ-કિસાન યોજના હેઠળ, ૨૩ હપ્તામાં ૪.૪૭ લાખ કરોડથી વધુ રકમ સીધા ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી છે. ૨૩મા હપ્તાથી ૯.૪૯ કરોડથી વધુ ખેડૂતોને ફાયદો થયો. ડેટા દર્શાવે છે કે સરકારે લાભાર્થીઓના ખાતામાં ૧૮,૯૮૪ કરોડથી વધુ રકમનું વિતરણ કર્યું છે.

પીએમ-કિસાન યોજના હેઠળ લાભ મેળવવા માટે ઇ-કેવાયસી જરૂરી છે. આ OTP-આધારિત પ્રમાણીકરણ, બાયોમેટ્રિક પ્રમાણીકરણ અને ચહેરાના પ્રમાણીકરણ દ્વારા કરી શકાય છે. પીએમ-કિસાન વેબ પોર્ટલ લાભાર્થી નોંધણી, ચકાસણી અને ડેટા મેનેજમેન્ટ માટે કેન્દ્રીય ડિજિટલ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે.


## તંત્રી સ્થાનેથી..

# કાયદાના અમલવારીની કસોટી!

ભારતનું ભવિષ્ય તેના યુવાનોના હાથમાં છે અને યુવાનોનું ભવિષ્ય તેની પરીક્ષાઓની પારદર્શિતા પર ટકેલું છે. જ્યારે વર્ષોની મહેનત પછી એક વિદ્યાર્થી પરીક્ષા કેન્દ્ર પર પહોંચે અને ખબર પડે કે પેપર તો આગલી રાતે જ લીક થઈ ગયું હતું, ત્યારે તે માત્ર એક પેપર ફૂટતું નથી, હજારો સપનાઓ પણ વેરવિખેર થઈ જાય છે. નીટ સહિતની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામે આવેલી ગેરરીતિઓએ દેશના યુવાનોમાં ભારે રોષ અને નિરાશા જન્માવી હતી. આ રોષ સ્વાભાવિક હતો અને તે જંતરમંતરના શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોમાં પરિવર્તિત થયો. આખરે યુવાનોની સતત માંગણી બાદ કેન્દ્ર સરકાર શિક્ષણ ક્ષેત્રે સુધારા માટે પૂરેપૂરા એક્શન મોડમાં આવી છે, જે આવકારદાયક પગલું છે.સરકારે આ મામલે માત્ર આશ્વાસન નથી આપ્યું, પણ નક્કર કાયદાકીય પગલું ભર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા યુવાનોને કડકમાં કડક સજાની ખાતરી આપવામાં આવી હતી અને તે દિશામાં સંસદમાં એક અત્યંત કડક કાયદો રજૂ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ પેપર લીક કરનાર અને તેમના મળતિયાઓને દસ વર્ષ સુધીની કઠોર કેદ અને દસ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. કાયદો પસાર થયા પછી હવે તેનું સાચા અર્થમાં સ્વરૂપ બહાર આવશે, પરંતુ માત્ર કાયદો બનાવવો પૂરતો નથી, તેનો કડક અમલ એ જ સાચી કસોટી છે. જો આ કાયદાનો દાખલારૂપ અમલ થશે તો ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ યુવાનોના ભવિષ્ય સાથે ચેડા કરતા પહેલા સો વાર વિચારશે. કાયદા ઉપરાંત વ્યવસ્થામાં ધરમૂળથી સુધારા માટે સરકારે નંદન નિલેકણીના વડપણ હેઠળ નિષ્ણાતોની ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સ પરીક્ષા પ્રણાલીમાં જ્યાં જ્યાં છીંડા છે તેને શોધીને પૂરવાની કામગીરી કરી રહી છે. પ્રધાનમંત્રીએ પોતે આગળ આવીને શિક્ષણ ક્ષેત્રે સુધારાની ખાતરી આપતા ત્રણ વીડિયો સંદેશ જારી કર્યા છે અને સોશિયલ મીડિયા દ્વારા જન-ઝી સાથે સીધો સંવાદ કરવાનો માર્ગ અપનાવ્યો છે. બદલાતા સમયમાં શિક્ષણ ક્ષેત્રે સુધારા એ સમયનો તકાદો છે. જો આમાં સહેજ પણ ઢીલ થશે તો નિરાશ થયેલી આ નવી પેઢીને ગેરમાર્ગે દોરવી ખૂબ સરળ બની જાય છે. નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમાર જેવા પડોશી દેશોમાં જે અશાંતિ જોવા મળી, તેની પાછળ પણ યુવાનોની ઉપેક્ષા જવાબદાર હતી. ભારતે તેમાંથી બોધપાઠ લેવો પડશે.આ આંદોલન દરમિયાન એક ચિંતાજનક બાબત એ પણ સામે આવી હતી કે કેટલાક અરાજક તત્વો અને કહેવાતા કોકરોચ જનતા પાર્ટી જેવા સંગઠનોએ યુવાનોના શુદ્ધ આંદોલનને હાઈજેક કરીને દેશમાં ગૃહ યુદ્ધ અને અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.



## હાલારના હાલહવાલ



# ભાણવડમાં દુષિત પાણીનું વિતરણ, તંત્ર તાકીદે ઘટતુ કરે તેવી લોક માંગણી

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડમાં સ્થાનીક નગર પાલીકા તંત્ર દ્વારા પીવાના પાણીનું વિતરણ કરાઈ છે, તે પાણી એકદમ દુષિત અને દુર્ગંધ માતું હોવાથી લોકોમાં રોગચાળાનો ભય રહે છે. તેમજ પાણી વિતરણની વ્યવસ્થા પણ અનિયમિત બની છે, ચોકકસ સમયના ઠેકાણા પણ હોતા નથી.



ત્યારે તંત્રની કહેવાતી લાપરવાહી સામે શહેરભરની પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. થતંત્ર આ બાબતે તાકીદે ઘટતું કરે તેવી લોકમાંગણી ઉઠી છે. શહેરની પ્રજાને સ્થાનિક તંત્ર દ્વારા પીવાના પાણી જેવી પ્રાથમીક સુવિધા બાબતે અન્યાય કરી રહ્યાની ફરીયાદો વ્યાપક રીતે ઉઠી છે. ખાસ કરીને હમણાથી લોકોને જે પીવાનું પાણી મળી રહ્યું છે તે એકદમ ડહોળુ અને દુર્ગંધ મારતું હોવાથી લોકોમાં રોષ સાથે અસંતોષ જોવા મળે છે.

દુષિત પાણી પીવાથી લોકોમાં રોગચાળાનો ભય ખડો થયો છે. આ સિવાય પાંચ પાંચ દિવસે કરાતા પાણી વિતરણથી મહીલાઓની હાડમારી વધી છે, પૂરતા ફોર્સથી પાણી મળતું નથી એવી અનેક ઠેકાણેથી ફરીયાદો ઉઠે છે. ઉપરાંત પાણી વિતરણ માટે ચોકકસ સમયના ઠેકાણા પણ હોતા નથી જેથી લોકોમાં તંત્ર સામે કાયમી ચણભણાટ રહ્યા કરે છે.ત્યારે સ્થાનિક તંત્ર જરૂરી સુવિધા બાબતે તાકીદે ઘટતી કાર્યવાહી કરે વી માંગણી લોકોમાંથી ઉઠી છે.

# જિલ્લા પશુપાલન શાખા દ્વારા પશુપાલકોને સાવચેતીના પગલાં લેવા અનુરોધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના પશુપાલકોને ચોમાસા દરમિયાન સંભવિત વાવાઝોડા તેમજ અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં પશુધનના રક્ષણ માટે જરૂરી સાવચેતી રાખવા જામનગર જિલ્લા પશુપાલન શાખા દ્વારા અપીલ કરવામાં આવી છે.

પશુપાલકોને ઓછામાં ઓછા ૩૨ કલાક ચાલે તેટલો ઘાસચારો અને પીવાના પાણીનો સંગ્રહ સુરક્ષિત જગ્યાએ રાખવા જણાવાયું છે. પશુમાલિકોએ ઘાસચારો ખુલ્લામાં સંગ્રહ કર્યો હોય તો તેને તાત્કાલિક ઢાંકી યોગ્ય જગ્યાએ ખસેડવો. વાવાઝોડા સમયે પશુઓને સાંકળથી બાંધવાના બદલે ખુલ્લા અને સલામત સ્થળે રાખવા તેમજ પશુશાળામાં પાણી ભરાઈ જવાની શક્યતા હોય તો અગાઉથી જ પશુઓને ઊંચાણવાળા સ્થળે ખસેડવાની સલાહ આપવામાં આવી છે.

વાવાઝોડા બાદ ઇજાગ્રસ્ત અથવા બીમાર પશુઓની તાત્કાલિક સારવાર કરાવવા તથા કોઈપણ પ્રકારના રોગના લક્ષણો જણાય તો તરત જ નજીકના પશુચિકિત્સકનો સંપર્ક કરવા તેમજ પશુપાલકોએ પોતાના વિસ્તારના પશુચિકિત્સકોના ફોન નંબરની માહિતી હાથવગી રાખવાની અને જરૂર જણાયે સંપર્ક સાધવાની અપીલ કરવામાં આવી છે. પશુઓને નદી, તળાવ, જળાશય અથવા પાણી ભરાયેલા વિસ્તારોની નજીક ન રાખવા તેમજ વીજળીના થાંભલા કે નબળા માળખાં પાસે ન બાંધવા સૂચના આપવામાં આવી છે. પશુઓને કાચા/જીર્ણશીર્ણ મકાનોમાં આશ્રય ન આપવો તેમજ વાવાઝોડા દરમિયાન પશુઓને બહાર ચરવા ન લઈ જવા નાયબ પશુપાલન નિયામકશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સલાયામાં બંધારા યોજના અંતર્ગત સિંચાઈ વિભાગ દ્વારા સર્વે શરૂ



**સમય સંદેશઃ સલાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ ખંભાળિયા તાલુકાના સલાયા ખાતે 'ન્યૂ સલાયા બંધારા યોજના'ને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. રૂપિયા ૬૭ કરોડના ખર્ચે આશરે ૧૫૫ હેક્ટર જમીન પર નવો ડેમ આકાર લેશે.

સિંચાઇ વિભાગ દ્વારા સર્વે કામગીરી હાથ ધરવામાં આવી વરસાદનું જે કિંમતી પાણી અત્યાર સુધી દરિયામાં વહી જઈને વેડફાઈ જતું હતું, તે હવે રોકાશે.આ યોજનાથી સલાયા સહિત ૧૮ જેટલા ગામોની પીવાના અને સિંચાઈના પાણીની વિકટ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે..

દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકામાં ઘી ડેમ બાદ હવે બીજો મોટો ડેમ બનવા જઈ રહ્યો છે. સરકાર દ્વારા રૂમ ૬૭ કરોડના ખર્ચે 'ન્યૂ સલાયા બાંધારા યોજના' મંજૂર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૧૫૫ હેક્ટર જમીન પર નવો ડેમ નિર્માણ પામશે, જેનાથી ચોમાસા દરમિયાન દરિયામાં વહી જતાં વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે. સિંચાઇ વિભાગ દ્વારા સ્થળ પર સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# કુરંગા વિસ્તારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગને દબાણ મુક્ત બનાવવાની ઝુંબેશને વેગઃ કાર્યવાહી






**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગને દબાણમુક્ત બનાવવાના હેતુથી નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) દ્વારા શરૂ કરવામાં આવેલી વિશેષ ઝુંબેશ હેઠળ સતત બીજા દિવસે પણ ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દ્વારકા નજીકના કુરંગા ગામ વિસ્તારમાં સરકારી જમીન પર થયેલા ગેરકાયદે કબજાઓ દૂર કરવા માટે અધિકારીઓએ ભારે મશીનરીની મદદથી કામગીરી કરી હતી. કાર્યવાહી દરમિયાન હાઇવેની હદમાં આવતા હોટલો તેમજ અન્ય પ્રકારના વ્યાવસાયિક બાંધકામોના ગેરકાયદે ભાગોને દૂર કરવામાં આવ્યા હતા. અગાઉ સંબંધિત મિલકતધારકોને નિયમ મુજબ નોટિસો પાઠવવામાં આવી હતી. સમયમર્યાદામાં દબાણો દૂર ન થતાં તંત્રએ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને ડિમોલેશન હાથ ધર્યું હતું. સમગ્ર કામગીરી દરમિયાન કોઈ અપ્રિય ઘટના સર્જાય નહીં તે માટે પોલીસ વિભાગના અધિકારીઓ અને જવાનોનો પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અધિકારીઓની દેખરેખ હેઠળ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. NHAIના સૂત્રોના જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગની જમીન પર થયેલા ગેરકાયદે કબજાઓ સામેની ઝુંબેશ હજુ આગળ પણ ચાલુ રહેશે. દ્વારકાથી ખંભાળિયા સુધીના હાઇવે પટ્ટામાં જ્યાં પણ સરકારી જમીન પર દબાણ જોવા મળશે ત્યાં નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે. માર્ગના વિસ્તરણ, વાહનવ્યવહારની સરળતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને આ અભિયાન તબક્કાવાર અમલમાં મૂકવામાં આવી રહ્યું છે.

# જામનગર એસટી ડેપો વર્કશોપ ખાતે ડ્રાઈવર હનીફભાઈ મુદ્રાખનો નિવૃત્તિ વિદાય સમારોહ





**સમય સંદેશઃ જામનગર**

જામનગર વીભાગના જામનગર ડેપો વર્કશોપ ખાતે વયમર્યાદાના કારણે ડ્રાઈવર હનીફભાઇ જે. મુદ્રાખનો ભવ્ય વીદાય સમારોહ વીભાગીય નીયામક બી.સી.જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાયો. આ સમારોહમાં વીભાગીય યાંત્રીક ઈજનેર એસ.કે.કલોલા, ઇન્ચાર્જ ડેપો મેનેજર શીખાબેન પંડ્યા, હેડ મીકેનીક મનોજભાઈ પટેલ, જામનગર વીભાગ એસટી મઝદૂર સંઘ ના મહામંત્રી ભીમશીભાઈ ચાવડા,લાઈન ચેકીંગ ઇન્ચાર્જ અને સંઘના ઉપપ્રમુખ સંજયભાઈ ડોડીયા, સહમંત્રી હીતેન્દ્રસિહ જાડેજા, કાર્યાલય મંત્રી સોલંકીભાઈ, આગેવાન વાળા ભાઈ, રોહિત જાટીયા, જયપાલસિંહ સોઢા, ટી.આઈ કાપડીભાઈ,ટી.આઈ મઢવીભાઈ,એ.ટી.આઈ રાજેન્દ્ર ગોસાઈ,કે.પી.જાડેજા, મનસુખભાઇ લૈયા, અન્ય સંગઠનના પ્રમુખ જીતેન્દ્રસિંહ જાડેજા, વીરેન્દ્રસિહ જાડેજા, શીવભદ્રસિહ ચુડાસમા તથા સ્ટાફગણ અને કાર્યકર્તાઓ તથા હનીફભાઇના પરીવાર અને સંબંધિઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા હનીફભાઇનુ હાજર તમામ અધિકારીઓ અને પદાધિકારીઓ તથા કર્મચારીઓ એ સાલ ઓઢાડી મોમેન્ટો આપી શુભકામનાઓ પાઠવી હતી.


## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

**સરકારી સોગંદનામા, ભાડા કરાર,**
**વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,**
**કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


## અનુસંધાન

### શ્રાવણી લોકમેળાથી

(પાના નં. ૪ થી આગળ)

અરજીઓ તમામ વિભાગો માટે ઓફ લાઈન માંગવામાં આવી છે. જે તા. ૧૩ ઓગસ્ટના રોજ ટાઉન હોલ ખાતે સવારે ૧૦ વાગ્યે ખોલવામાં આવશે. જ્યારે ત્યાર પછી ઓનલાનઈ મંગાવેલા ટેન્ડરોને કોર્પોરેશનની એસ્ટેટ શાખામાં ઓનલાઈન ધોરણે તા.૧૩ મી એ જ ખોલવામાં આવશે. તંત્રને ગત વર્ષે મેળાની આવક પાંચ કરોડ ઉપરાંતની થઈ હતી. આ વર્ષે પણ તંત્રની આવક પાંચ કરોડથી વધુ રહેવા પામશે. મ્યુ. તંત્ર દ્વારા વહિવટી તંત્ર પાસેથી ફી ભરીને મેદાન ભાડે લઈને મેળામાં સીસી કેમેરા, કામચલાઉ વીજ કનેક્શન, લાઈટીંગ, ગ્રાઉન્ડ લેવલીંગ સહિતની કામગીરી આગામી સમયમાં ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયા બાદ શરુ કરવામાં આવશે.

### જામનગરમાં પંચાયતી રાજ

(પાના નં. ૪ થી આગળ)

છે. તેમણે પંચાયતી રાજમાં મહિલા પ્રતિનિધિત્વના મહત્વને બિરદાવતા મહિલા લોકપ્રતિનિધિઓને સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે સક્રિયપણે આગેવાની લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પંચાયતી રાજ વ્યવસ્થાની કાર્યપદ્ધતિ, ગ્રામ વિકાસ યોજનાઓનું અસરકારક અમલીકરણ, નાણાકીય વ્યવસ્થાપન અને ડિજિટલ ગવર્નન્સ જેવા મહત્વના મુદ્દાઓ પર ગહન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે સતત તાલીમથી જનપ્રતિનિધિઓની કાર્યક્ષમતા અને જાગૃતિ વધશે, જેનાથી વિકાસ અને સુશાસનનો સીધો લાભ સામાન્ય નાગરિકો સુધી ઝડપથી પહોંચી શકશે.

### લાંચ કેસમાં નાયબ

(પાના નં. ૪ થી આગળ)

જે કેસ જામનગર વિશેષ એસીબી ન્યાયધીશ અને બીજા અધિક ન્યાયધીશ વી.પી.અગ્રવાલની અદાલતમાં ચાલી જતાં અદાલત દ્વારા આરોપી મનોજ બળવંતરાય ઠાકરને ચાર વર્ષની સખત કેદની સજા અને ૧૫ હજાર દંડ ફટકારેલ હતો. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ હેમેન્દ્ર ડી.મહેતા રોકાયા હતાં.

### ભૃણ હત્યા અટકાવવા

(પાના નં. ૩ થી આગળ)

વધુ સઘન અને નિયમિત બનાવવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી. એક્ટના 'રૂલ્સ-૧૩' અન્વયે કાયદાકીય અને વહીવટી પ્રક્રિયાઓને વધુ સુચારુરૂપે ચલાવવા માટે નવા તબીબોની નિમણૂંક કરવા સહિતના મહત્વના વિષયો પર સભ્યો દ્વારા ગહન પરામર્શ કરવામાં આવ્યો હતો.

સાથે જ સમિતિના સભ્ય અને જિલ્લા સરકારી વકીલશ્રી જમનભાઈ ભેંડેરી દ્વારા ડઈ ડગઉઝ એક્ટ હેઠળ અદાલતમાં ચાલતા વિવિધ કાયદાકીય કેસોની વર્તમાન સ્થિતિ અંગે વિગતવાર સમીક્ષા પણ કરવામાં આવી હતી. આ સમીક્ષા બેઠકમાં સમિતિના ચેરમેન અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.પંકજકુમાર સિંઘ, તૃપ્તિબેન રાઠોડ, ડો. આર.બી.ગુપ્તા તેમજ અન્ય સરકારી અને બિન-સરકારી સભ્યો તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રમતા ૮ શખ્સો

(પાના નં. ૩ થી આગળ)

પોલીસે રૂપિયા ૨૨,૩૮૦ ની રોકડ રકમ તથા રૂપિયા ૩૧ હજારની કિંમતના છ નંગ મોબાઈલ ફોન અને રૂપિયા ૯૨ હજારની કિંમતના ચાર મોટરસાયકલ મળી, કુલ રૂ. ૧૪૫,૮૩૦ નો મુદ્દામાલ કબજે કરી, સલાયા મરીન પોલીસે જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

### શારીરીક અડપલા

(પાના નં. ૩ થી આગળ)

રડતા રડમતા સમગ્ર આપવીતી જણાવતા પરીવાર સ્તબ્ધ થઇ ગયો હતો. ત્યારબાદ સમગ્ર મામલો ખંભાળિયા પોલીસ મથકે લઇ જવાયો હતો.જ્યાં પરીજનની ફરીયાદના આધારે પોલીસે આરોપી શિક્ષક સામે ભારતીય ન્યાય સંહિતા, પોક્સો એકટ અને એટ્રોસીટી અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક મીત રૂદલાલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### મનીન્દરજીત સિંઘ બિટ્ટા

(પાના નં. ૩ થી આગળ)

તેઓ હવે દેશને નબળો પાડવાની રાજરમત રમી રહ્યા છે. તેમણે ભૂતકાળની સ્થિતિ યાદ અપાવતા કહ્યું કે એક સમયે જમ્મુ-કાશ્મીરના ગામડાઓમાં દરરોજ નિર્દોષોના તિરંગામાં લપેટાયેલા મૃતદેહો આવતા હતા, જ્યારે આજે દેશમાં આતંકવાદ અને નક્સલવાદ નાબૂદ થઈ ચૂક્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના માતૃશ્રી વિશે અશોભનીય શબ્દો વાપરનારાઓને આકરી ચેતવણી આપતા બિટ્ટાએ દેશ વિરોધી તાકાતોને ફરી મજબૂત ન કરવા અને ભારતની એકતા જાળવી રાખવા અપીલ કરી હતી.

### મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

(પાના નં. ૧ થી આગળ)

બપોરે ૨ થી ૪ વાગ્યાના માત્ર બે કલાકમાં જ ૧૧૩ મિ.મી. (લગભગ ૪.૪૫ ઈંચ) અને દિવસ દરમિયાન કુલ ૧૧.૦૨ ઈંચ વરસાદ ઝીંકાયો હતો. સુરતના ઉમરપાડા અને માંગરોળમાં પણ ૧૦ ઈંચ વરસાદથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

નવસારીના વાંસદામાં સાંજે ૪ થી ૬ વાગ્યાના ૨ કલાકમાં ૧૦૨ મિ.મી. વરસાદ સાથે કુલ ૯.૮૪ ઈંચ, તાપીના ડોલવણમાં ૯.૩૭ ઈંચ, ડાંગના સુબીરમાં ૮.૫૦ ઈંચ અને વલસાડના ધરમપુરમાં ૭.૮૦ ઈંચ વરસાદ નોંધાયો છે.

ખેડા જિલ્લાના વાસો તાલુકામાં ૯.૫૩ ઈંચ અને નડિયાદમાં ૭.૯૧ ઈંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. નર્મદાના સાગબારા અને ગરૂડેશ્વરમાં પણ સવારના પ્રથમ બે કલાકમાં જ ૧૧૮-૧૧૮ મિ.મી. તીવ્ર વરસાદ પડ્યો હતો.

મેઘરાજાની તોફાની બેટિંગના કારણે દક્ષિણ ગુજરાતની સ્થાનિક નદીઓ અને નાળાઓમાં ઘોડાપૂર આવ્યા છે. સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા અને દરિયાકાંઠાના વિસ્તારોના લોકોને સાવચેત રહેવા જણાવાયું છે. કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે જઉછઋ અને સ્થાનિક રેસ્ક્યૂ ટીમોને તૈનાત રાખવામાં આવી છે.

### ૩૪ના મોત

(પાના નં. ૧ થી આગળ)

અને લશ્કરી સહાયની અપીલ કરી છે. સ્થિતિ પર કાબૂ મેળવવા માટે યુરોપિયન યુનિયને સ્પેનના સમર્થનમાં પોતાની સરહદ સુરક્ષા એજન્સી 'ફ્રન્ટેક્સ' ની વધારાની સેના અને સપોર્ટ ફાળવવાની તૈયારીઓ હાથ ધરી છે. આ સાથે જ માનવ તસ્કરી અને દાણચોરી કરતા ગુનાહિત નેટવર્કને જડમૂળથી તોડી પાડવા તથા યુરોપમાં રહેવા માટે અયોગ્ય ઠરેલા નાગરિકોને તાત્કાલિક ધોરણે તેમના મૂળ દેશોમાં ડિપોર્ટ કરવા અંગેની કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે. આફ્રિકાના ઉત્તર કિનારે આવેલી સેઉટા સરહદ ઊઝ ની સૌથી સંવેદનશીલ સીમા ગણાતી હોવાથી સમગ્ર યુરોપિયન દેશોમાં આ ઘટના બાદ ભારે ખળભળાટ મચી ગયો છે.

### કંટ્રોલ રૂમ કાર્યરત

(પાના નં. ૧ થી આગળ)

અને અનાજનો જથ્થો સુરક્ષિત સ્થાને ખસેડવા, જરૂરી દવાઓ, ખાવા-પીવાની સામગ્રી અને લાઈટની પૂરતી વ્યવસ્થા અગાઉથી તૈયાર રાખવા જણાવાયું છે. સાથે જ તંત્ર દ્વારા નાગરિકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અને માત્ર સત્તાવાર ચેતવણીઓને અનુસરવા અનુરોધ કરવામાં આવ્યો છે. કોઈપણ મુશ્કેલીના સમયે સ્થાનિક તંત્ર સાથે સહકાર આપવા અને જાહેર કરાયેલા કંટ્રોલ રૂમ નંબરો પર સંપર્ક કરવા જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

### પરીક્ષાઓ મોકૂફ

(પાના નં. ૧ થી આગળ)

ઉમેદવારોના બહોળા હિતમાં GPSC દ્વારા આવતીકાલ ૦૧-૦૮-૨૬ના રોજ યોજાનાર પરીક્ષા મોકૂફ રાખવામાં આવેલ છે, સંબંધિત પરીક્ષા તારીખ ૦૯-૦૮-૨૦૨૬ના રોજ યોજવામાં આવશે.

### 'લાઈવ હાર્ટ'

(પાના નં. ૧ થી આગળ)

સંકલનનું ઉત્તમ દ્રષ્ટાંત બન્યું છે. અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧થી યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી હૃદયને કોઈ પણ અવરોધ વગર ઝડપથી પહોંચાડવા માટે છજ્રઋ અને ગુજરાત પોલીસે ખાસ 'ગ્રીન કોરિડોર' તૈયાર કર્યો હતો.આ ઐતિહાસિક સફળતા અંગે અમદાવાદ વિભાગના મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, આ ભારતીય રેલવે માટે ગૌરવ અને અત્યંત સંતોષની ક્ષણ છે. જીવનરક્ષક અભિયાનમાં દરેક સેકન્ડ કિંમતી હોય છે. તમામ એજન્સીઓના બહેતરીન સંકલનને કારણે વંદે ભારત એક્સપ્રેસ દ્વારા હૃદય સમયસર પહોંચાડી શકાયું છે. માનવજીવન બચાવવાની આ સેવામાં સહભાગી થવું એ રેલવે માટે માત્ર જવાબદારી નહીં પરંતુ માનવતા પ્રત્યેની સર્વોચ્ચ પ્રતિબદ્ધતા છે.

# ધ્રોળના હરીપરમાં ખેડૂત સાથે સાઈબર ફ્રોડઃ ઈન્સ્ટાગ્રામ પરથી ફ્રી મૂવી એપ ડાઉનલોડ કરતા ₹૩.૫૮ લાખ ઉપડી ગયા

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોળ તાલુકાના હરીપર ગામે રહેતા જગદીશ ભેંડેરી નામના ખેડૂત સાઈબર ફ્રોડનો ભોગ બન્યા છે. ઈન્સ્ટાગ્રામ પર આવેલી ફ્રી મૂવી એપ ડાઉનલોડ કરવાની એક અજાણી લિંક પરથી તેમના પુત્રએ એપ ડાઉનલોડ કરતાં જ ખેડૂતનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. ત્યારબાદ સાઈબર ઠગોએ UPI મારફતે ખેડૂતના બેંક ખાતામાંથી રૂ. ૩.૫૮ લાખથી વધુની રકમ તબક્કાવાર ઉપાડીને મોટો ચૂનો ચોપડ્યો છે. ઘટના અંગે ખેડૂતે પોલીસ તેમજ સાઈબર સેલમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે, વધુ વિગતો મેળવાઈ રહી છે..

# જામનગરની વિશ્વ વિખ્યાત બાલા હનુમાન મંદિરની અખંડ રામધૂનને ૬૨ વર્ષ પૂર્ણ


## શ્રી પ્રેમભિક્ષુજી મહારાજે તા.૧ ઓગષ્ટ ૧૯૬૪ના ધૂનનો આરંભ કરાવેલોઃ આજ ૬૩માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે વિવિધ મનોરથઃ મહાઆરતી દર્શનનો લાભ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરને 'ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝ'માં બબ્બેવાર સ્થાન અપાવીને મેળવીને શહેરને ધર્મક્ષેત્રે વૈશ્વિક ઓળખ અપાવનારા શ્રી બાલા હનુમાન મંદિર પર ચાલી રહેલી અખંડ રામધુનને આજે ૬૨ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે.

શહેરના તળાવની પાળ પર સંત સદ્‌ગુરૂદેવ શ્રી પ્રેમભિક્ષુજી મહારાજે 'શ્રીરામ જય રામ જય જય રામ'નો અખંડ મંત્ર જાપ તા.૦૧ ઓગષ્ટ-૧૯૬૪ના શુભ દિનથી કરાવ્યો હતો, જે નાદ આજે ૬૨ વર્ષથી અવિરત રીતે બોલાઇ રહ્યો છે. અને આવતીકાલ તા.૧ ઓગષ્ટ-૨૦૨૬ના રોજ આ અખંડ રામ નામ જાપ ૬૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આ અવસરે આજ તા.૦૧ના રોજ શ્રી બાલા હનુમાન મંદિર પર વિવિધ મનોરથ દર્શનનો લાભ ભાવિકોને મળશે, સાથે જ







તસવીરઃ હિરેન ગાંધી

સંધ્યા મહાઆરતી પણ કરવામાં આવશે. આ અખંડ રામધૂન પર પરમાત્માના એવા આશિર્વાદ રહ્યા છે કે, ટાઢ-તડકો-વરસાદ કે વાવાઝોડું-ભૂકંપ-અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ કે કોરોના જેવી મહામારીના કપરા કાળમાં પણ આ ધર્મસ્થાન પર અખંડ રામધુન સતત યથાવત રીતે ચાલી રહી છે, જે શ્રદ્ધાળુઓ માટે વરદારૂપ બની રહી છે. મંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી જીતુભાઇ લાલ આ અંગે જણાવ્યું છે કે, 'છોટી કાશી'ના ધર્મસ્થાનની અખંડ રામધુન શહેરીજનોના સહયોગ અને પ્રભુની કૃપા વગર અવિરત રહી શકી ના હોત. જામનગરવાસીઓ અને મંદિરના સેવકો આ માટે જે સહયોગ શ્રદ્ધાભેર આપી રહ્યા છે તે અભિનંદનીય છે. રામધુનના વાર્ષિકોત્સવ પ્રસંગે દર્શનનો લાભ લેવા તેઓએ અનુરોધ કર્યો છે.

# ગુજરાતને ૫ વર્ષમાં CAMPA હેઠળ રૂ. ૧૨૨૬ કરોડ મળ્યા

## ગુજરાતમાં વન વિભાગની ૧,૩૩,૬૬૬ હેક્ટર ડિગ્રેડેડ જમીનનો જીર્ણોદ્ધાર કરાયો

**સમય સંદેશઃ જામનગર**



ગુજરાતને પાછલા ૫ વર્ષ દરમિયાન નેશનલ કમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી (નેશનલ CAMPA) હેઠળ, રૂ. ૧,૨૨૬.૨૧ અને મેન્ગ્રોવ ઈનિશિયેટિવ ફોર શોરલાઇન હેબિટેટ્‌સ એન્ડ ટેન્જિબલ ઈન્કમ (MISHTI) હેઠળ રૂ. ૬૭.૩૦ કરોડ તેમજ નગર વન યોજના હેઠળ રૂ. ૭.૪૩ કરોડનું ફંડ પ્રાપ્ત થયું છે. રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન રાજ્યમંત્રી શ્રી કીર્તિવર્ધન સિંહે ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ માહિતી ઉપલબ્ધ બનાવી હતી.

પાછલા ૫ વર્ષ દરમિયાન, ગુજરાતમાં વન વિસ્તારની કુલ ૧,૩૩,૬૬૬ હેક્ટર ડિગ્રેડેડ જમીનનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. મંત્રાલય દ્વારા ગ્રીન ઇન્ડિયા મિશન (GIM), નેશનલ કોમ્પેન્સેટરી અફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી (નેશનલ CAMPA) જેવી યોજનાઓ/ કાર્યક્રમો દ્વારા તેમજ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોને ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડીને ડિગ્રેડેડ ફોરેસ્ટ લેન્ડસ્કેપ્સના જીર્ણોદ્ધાર માટે પ્રયાસરત છે. આ જીર્ણોદ્ધાર પ્રવૃત્તિઓમાં સહાયિત કુદરતી પુનર્જીવન, કૃત્રિમ પુનર્જીવન, વળતર આધારિત વનીકરણ, માટી અને ભેજના સંવર્ધન માટેનાં પગલાં તથા ચોક્કસ સ્થળ-આધારિત ઇકોલોજીકલ પરિસ્થિતિઓ અનુસાર યોગ્ય સ્વદેશી/ મૂળભૂત પ્રજાતિના છોડનું વાવેતર શામેલ છે.

મંત્રીએ એ પણ માહિતી આપી કે નેશનલ એડેપ્શન ફંડ ફોર ક્લાઈમેટ ચેન્જની (NAFCC) સ્થાપના ૨૦૧૫માં કેન્દ્રીય ક્ષેત્રની યોજના તરીકે કરાઈ હતી. આનો ઉદ્દેશ ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં (UTs) નક્કર અનુકૂલન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો હતો, જેની પર જલવાયુ પરિવર્તનની મહત્તમ પ્રતિકૂળ અસરો થઈ શકે છે. આના હેઠળ, ગુજરાત સહિત દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૩૦ પ્રોજેક્ટ મંજૂર કરાયા છે.

''ગુજરાતના કચ્છમાં કુદરતી સંસાધન આધારિત સમુદાયો માટે જલવાયુ પરિવર્તન અનુકૂલનઃ પાણી અને આજીવિકા સુરક્ષા તથા ઇકોસિસ્ટમ પ્રસ્થાપન દ્વારા સ્થિતિસ્થાપકતાને સુદૃઢ બનાવવી'' નામનો પ્રોજેક્ટ રૂ. ૨૧.૩૬ કરોડના ખર્ચે મંજૂર કરાયો હતો. વધુમાં, ગુજરાતને ક્લાઇમેટ ચેન્જ પરના સ્ટેટ એક્શન પ્લાન્સની સમીક્ષા માટે રૂ. ૧૨ લાખની નાણાકીય સહાય પણ મંજૂર કરાઈ છે. ડીએસટીએ છેલ્લા ૫ વર્ષ દરમિયાન ગુજરાતની સ્ટેટ ક્લાઇમેટ ચેન્જ સેલને (SCCCs) પણ નાણાકીય સહાયતા પૂરી પાડી છે.

આ લેખિત જવાબમાં પૂરી પડાયેલી માહિતીમાં ઉલ્લેખ કરાયો છે કે, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે (ડીએસટી) ''ક્લાઇમેટ વલ્નરેબિલિટી એસેસમેન્ટ ફોર એડેપ્શન પ્લાનિંગ ઈન ઈન્ડિયા યુઝિંગ એ કોમન ફ્રેમવર્ક'' શિર્ષક હેઠળ રાષ્ટ્રીય-સ્તરનો અભ્યાસ હાથ ધર્યો હતો. તે આબોહવાને લગતા વર્તમાન જોખમોના સંદર્ભમાં રાજ્યો અને જિલ્લાઓની સંબંધિત નબળાઈનું સૂચક-આધારિત મૂલ્યાંકન પૂરું પાડે છે. આ અભ્યાસ ભારતમાં સૌથી નબળા રાજ્યો અને જિલ્લા તેમજ વર્તમાન ક્લાઇમેટ પરિસ્થિતિ હેઠળ નબળાઈના મુખ્ય ચાલકોની ઓળખ કરે છે. ડીએસટી ગુજરાતમાં સ્ટેટ ક્લાઇમેટ ચેન્જ સેલને (એસસીસીસી) નબળાઈ અને જોખમ મૂલ્યાંકન, માનવ ક્ષમતા-નિર્માણ કાર્યક્રમો, જનજાગૃતિ કાર્યક્રમો અને સંસ્થાકીય ક્ષમતા-નિર્માણ પ્રવૃત્તિઓ હાથ ધરવા પણ ટેકો પૂરો પાડે છે. આ મૂલ્યાંકનમાં, અન્ય બાબતોની સાથે, એ પણ નોંધવામાં આવ્યું છે કે ગુજરાતને 'સાધારણ સંવેદનશીલ' ગણવામાં આવે છે.

# ભ્રૂણ હત્યા અટકાવવા જામનગર જિલ્લામાં કડક કાર્યવાહી માટે સૂચના

## સમીક્ષા બેઠકમાં કાયદાના કડક અમલીકરણ, નવા ક્લિનિક રજિસ્ટ્રેશન તથા સોનોગ્રાફી સેન્ટરોનું સઘન ઈન્સ્પેક્શન કરવા ચર્ચા કરાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં 'પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ' ના ચુસ્ત અને અસરકારક અમલીકરણ તેમજ નિયમિત દેખરેખ માટે જિલ્લા પંચાયત, જામનગર ખાતે 'જિલ્લા સલાહકાર સમિતિ'ની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લામાં ભ્રૂણ હત્યા જેવી સામાજિક બદીને અટકાવવા અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અન્વયે વહીવટી પ્રક્રિયાઓને વધુ વેગવંતી બનાવવા ચિંતન કરાયું હતું.બેઠકની શરૂઆતમાં અગાઉની મીટિંગના અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું અને તેના પર


તસવીરઃ હિરેન ગાંધી

લેવાયેલા પગલાંની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન લેવાયેલા મુખ્ય નિર્ણયોમાં સમિતિ સમક્ષ આવેલી વિવિધ અરજીઓ અન્વયે નિયમાનુસાર પાત્રતા ધરાવતા નવાં સોનોગ્રાફી ક્લિનિક્સ તેમજ સંબંધિત એજન્સીઓને રજિસ્ટ્રેશન આપવા અંગે સર્વાનુમતે જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત 'ક્લિનિક વેરિફિકેશન રિવ્યુ' હેઠળ જિલ્લામાં કાર્યરત સેન્ટરોની તપાસણીની કામગીરીની સમીક્ષા કરીને તમામ સોનોગ્રાફી સેન્ટરોનં ઇન્સ્પેક્શન

અનુ પાના નં.૨ પર

# સગીરા ઉપર બળાત્કારના ગુન્હામાં આરોપીને ૨૦ વર્ષની જેલ ફટકારાઇ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ૧૭ વર્ષ બોલાવીને ૩૦ વર્ષના પરિણિત આરોપી શખસે ત્રણ વખત મરજી વિરૂધ્ધ બળાત્કાર કર્યાની સગીરાની ફરિયાદ ઉપરથી પોકસોની અદાલતમાં કેસ ચાલી જતાં પોક્સો અદાલતે આરોપીને ૨૦ વર્ષની જેલ સજા તેમજ રૂપિયા ૧૫ હજારનો દંડ તેમજ ભોગ બનનાર ફરિયાદીને સરકારી યોજના મુજબ રૂ. ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

જિલ્લામાં એક સગીરાએ આરોપી મહેન્દ્ર વિઠ્ઠલભાઈ સોનગરા સામે નોંધાવેલી પરિણિત આરોપીએ પોતાનો મોબાઈલ નંબર આપીને તેમાં વાતચીત કરીને પ્રેમજાળમાં ફસાવીને લગ્નની લાલચ આપીને મળવા બોલાવીને પોતાની (ફરિયાદીની) ઈચ્છા વિરૂધ્ધ શારીરિક સબંધ બાંધ્યો હતો. જે વાત કોઈને કહી તો તેના ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેથી બીકના કારણે સગીરાએ કોઈને વાત કહી ન હતી. આ રીતે આરોપીએ તેણીની સાથે ત્રણ વખત બળજબરીથી સબંધ બાંધ્યો હતો. તેથી પોલીસે આરોપી સામે પોક્સો અને બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ કેસ પોક્સોની અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકારી વકીલ ભારતીબેન વાદીની દલીલો તેમજ પુરાવા ધ્યાને લઈને બંને પક્ષોને સાંભળીને આરોપી મહેન્દ્ર સોનગરાને પોક્સોની કલમ-૪ મુજબ ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦ હજારનો દંડ તથા પોક્સોની કલમ-૬માં ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫ હજારનો દંડ ફરમાવ્યો છે. તેમજ ભોગ બનનારને વળતર પેટે રૂપિયા ૪ લાખ ચૂકવવા તેવો હુકમ કર્યો છે.

# જામનગર શહેરમાં ૧૨૮૨ ઘરોમાંથી રોગવાહક મચ્છરના પોરા મળ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં વર્તમાન ચોમાસાની સિઝનમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો તેમજ ઝાડા-ઉલ્ટી, ટાઇફોઇડ, કમળો, કોલેરા પાણીજન્ય રોગો ફેલાવવાની સંભાવનાઓ વધી છે.

રોગચાળો નિયંત્રણમાં લેવા માટે જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા હેઠળ મેલેરિયા વિભાગ તથા શહેરના ૧૩ આરોગ્ય કેન્દ્રની ૨૪૩ ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઇ છે. સરકારની સુચના મુજબ ફોગીંગ, ફીવર સર્વેલન્સ, એન્ટી-લાર્વલ, આરોગ્ય શિક્ષણ, ક્લોરિનેશન તથા અન્ય નિવારણ માટે સતત કામગીરી હાથ ધરાઇ છે.

જેમાં આરોગ્ય તંત્ર દ્વારા છેલ્લા એક અઠવાડિયા દરમિયાન ૮૬,૯૬૯ ઘરોમાં સર્વે કરેલ હતો. જે ઘરોમાંથી ૧૨૮૨ ઘરોમાં પાણીમાં પોરા મળી આવ્યા હતાં. તેમજ ૪,૫૩,૧૧૫ પાત્રોની તપાસ કરેલ જેમાંથી ૨૭૨૨ પાત્રોમાં પોરા મળી આવ્યા હતાં.


તસવીરઃ હિરેન ગાંધી

૧૮૦૪ પાત્રોનું નાશ કરાયો હતો. આ ઝુંબેશ દરમિયાન તાવના ૫૨૦ કેસ તેમજ ઝાડા-ઉલ્ટીના ૭૪ કેસ મળી આવ્યા હતાં.

પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે ૪૧૧૮૭ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૨૬૩૯ ઓઆરએસ પેકેટનું વિતરણ કરેલ હોવાનું મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા જણાવવામાં આવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, નાગરિકોએ ખાસ મચ્છરજન્ય રોગોથી તેમજ પાણીજન્ય રોગોથી સાવચેતી રાખે તે જરૂરી છે.

# ખંભાળીયાનાં સોડસલા ગામે જુગાર રમતા ૮ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના સોડસલા ગામે સલાયા મરીન પોલીસ મથકના પી.આઈ. જે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ નાઈટ પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. બોઘાભાઈ કેસરિયા, પીઠાભાઈ જોગલ, વિપુલભાઈ ડાંગર અને કરણભાઈ સોંદરવાને મળેલી ચોક્કસ બાતમીના આધારે સોડસલા ગામે રહેતા સુભરાજસિંહ ઉર્ફે સુભાષ શિવુભા ઝાલા નામના શખ્સ દ્વારા પોતાના વાડીએ ઓરડીમાં લાઈટના અજવાળે બહારથી માણસો બોલાવી અને તેઓને જુગારના સાધનો વિગેરેની સુવિધા પૂરી પાડી તેના બદલામાં નાલ ઉઘરાવી ચલાવતા જુગારધામ પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સ્થળેથી પોલીસે સુભરાજસિંહ ઉર્ફે સુભાષ ઝાલા સાથે અરજણ બોઘા આસતાણી, રાજેન્દ્રસિંહ ઉર્ફે બ્રિજરાજ બહાદુરસિંહ જાડેજા, જય ભીખુભાઈ ચાંવ, હુસેન રજાક સુંભણીયા, યાસીન દાઉદ ઘાવડા, અલ્તાફ કાસમ ઘાવડા અને જુનસ તાલબ ગજણ નામના આઠ શખ્સોને ઝડપી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયા ગ્રામ્યની શાળામાં છાત્રા સાથે શિક્ષકે શારીરીક અડપલા કરતા ફિટકાર

## જઘન્ય કૃત્ય આચરનાર શિક્ષક સામે દુષ્કર્મ-પોકસો એકટ હેઠળ ગુનો નોંધાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ગ્રામ્ય પંથકમાં સ્થિત સરકારી શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતી સગીર છાત્રા સાથે ગત તા.૨૦મી જુલાઇથી ૨૫મી જુલાઇ દરમિયાન આરોપી શિક્ષકે વજશીભાઇ બારડે અધમ કૃત્ય આચર્યુ હોવાની ફરીયાદ નોંધાઇ છે. ફરીયાદ મુજબ આરોપી શિક્ષક શાળાના સમય દરમિયાન રીશેષમાં નાસ્તો કરવા અથવા લેશન કરવાના બહાને ભોગગ્સ્તને સ્ટાફ રૂમમાં એકાંતમાં બોલાવીને શારીરીક અડપલા કરી ધૃણાસ્પદ ત્રાસ ગુજાર્યાનુ જાહેર થયુ છે.

વધુમાં પીડીતાને આરોપી શિક્ષકે કોઇપણને જાણ કરવા પર જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપતા ભોગગ્રસ્ત અત્યંત ડરી ગઇ હતી.જે શરૂઆતમાં ચૂપ રહયા બાદ ગુમસુમ જણાતા પરીવારજનોએ પુછપરછ કરતા માસુમ બાળાએ

અનુ પાના નં.૨ પર

# દ્વારકાઃ રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઇ કણઝારિયાને સંસદની મહત્વની સ્થાયી સમિતિમાં જવાબદારી

**સમય સંદેશઃ દ્વારકા**

ખંભાળિયાના વતની અને તાજેતરમાં રાજ્યસભાના સભ્ય તરીકે સંસદમાં પહોંચેલા જીતેન્દ્રભાઈ કણઝારિયાને કેન્દ્ર સરકાર દ્વારા મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. તેમની સંસદની ટેક્સટાઈલ, શ્રમ અને સ્કિલ ડેવલપમેન્ટ સંબંધિત સ્થાયી સમિતિના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે.



સંસદીય સ્થાયી સમિતિઓ કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોની કામગીરી, યોજનાઓ અને નીતિઓની વિગતવાર સમીક્ષા કરતી હોય છે. આ સમિતિઓ દ્વારા રજૂ કરવામાં આવતી ભલામણો નીતિ ઘડતર અને અમલીકરણમાં મહત્વનો આધાર પૂરું પાડે છે. આવી જવાબદારી મળવી કોઈપણ સાંસદ માટે વિશ્વાસ અને મહત્વની ભૂમિકા તરીકે માનવામાં આવે છે.

જીતેન્દ્રભાઈ કણઝારિયાની આ નિમણૂંકથી દેવભૂમિ દ્વારકા જિલ્લા અને સૌરાષ્ટ્રને સંસદમાં વધુ અસરકારક પ્રતિનિધિત્વ મળશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. ટેક્સટાઈલ ઉદ્યોગ, શ્રમિક કલ્યાણ અને કૌશલ્ય વિકાસ જેવા દેશના વિકાસ સાથે સીધા જોડાયેલા વિષયોમાં તેઓ પોતાના અનુભવ અને સૂચનો દ્વારા સકારાત્મક યોગદાન આપશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મનીન્દરજીત સિંઘ બિટ્ટાએ ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા

## 'આંદોલનકારીઓના ખભા પર CJP બંદૂક રાખીને ફોડવાનો પ્રયાસ કરશે તો ચલાવાશે નહીં..'

**સમય સંદેશઃ દ્વારકા**

ઓલ ઈન્ડિયા એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનીન્દરજીત સિંઘ બિટ્ટાએ ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શિશ નમવ્યું હતું, જ્યાં મંદિર પરિસરમાં તેમનું ખાસ બહુમાન કરવામાં આવ્યું હતું. દર્શન બાદ તેમણે જણાવ્યું હતું કે તેઓ હંમેશા રાષ્ટ્રની મજબૂતી, સરહદોની સુરક્ષા, જવાનોની સલામતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વસ્તરે ભારતનું ગૌરવ જળવાઈ રહે તે માટે ભગવાન દ્વારકાધીશના આશીર્વાદ માંગે છે.



જંતર મંતર આંદોલન અંગે પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે લોકશાહીમાં આંદોલન કરવાનો અધિકાર સૌને છે, પરંતુ વિરોધી પક્ષો આંદોલનકારીઓના ખભા પર બંદૂક ફોડવાનો પ્રયાસ કરશે તો તે ચલાવી લેવાશે નહીં. ભૂતકાળમાં કોંગ્રેસ સાથે જોડાયેલા રહેલા બિટ્ટાએ નામ લીધા વગર પ્રહાર કરતા ઉમેર્યું કે જેઓ કલમ ૩૭૦ હટાવી ન શક્યા, આતંકવાદ કે નક્સલવાદ સમાપ્ત ન કરી શક્યા અને રામ મંદિરનું નિર્માણ ન કરાવી શક્યા,

અનુ પાના નં.૨ પર

# માનસિક બિમારીથી કંટાળી ૨૩ વર્ષના યુવકનો ગળેફાંસો ખાઇ આપઘાત

**સમય સંદેશઃ જામનગર**


જામનગર બેડીમરીન પોલીસ મથકેથી આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર શહેરના બેડી ચાંદની ચોક પાસે સંધી ફળિયામાં રહેતાં રજાક સીદિકભાઇ ગાધ (ઉ.વ.૨૩) નામનો વેપારી યુવાનને છેલ્લા એક વર્ષથી માનસિક બિમારી લાગુ પડી હતી અને આ બિમારીથી દવા પણ ચાલુ હતી.

દરમિયાન બે દિવસ અગાઉ યુવાને પોતાની આ બિમારીથી કંટાળી પોતાના રૂમમાં પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી યુવાનને સારવાર માટે તાત્કાલિક શહેરની જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોકટરોએ યુવાનને તપાસી મોત નિપજ્યાનું જાહેર કર્યુ હતું. યુવાનના મોતને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ બનાવ અંગે મૃત્તકના પિતા સીદીકભાઇ નુરમામદભાઇ ગાધ દ્વારા પોલીસને જાણ કરાતાં બેડીમરીન પોલીસ મથકના એએસઆઇ કે.કે.માંધણ સહિતનો સ્ટાફ શહેરની જી.જી.હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદહેનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ભારે વરસાદની આગાહીને પગલે એસડીઆરએફ અને ફાયરની ટીમ સજ્જ





તસવીરઃ હિરેન ગાંધી

જામનગર સહિત ગુજરાત ભરમાં આગામી ત્રણ થી ચાર દિવસ ભારે વરસાદની સંભવિત આગાહીને પગલે જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમ દ્વારા કોઈપણ આપાતકાલ પરિસ્થિતિને પહોંચી વળવા ફાયર વિભાગ દ્વારા તમામ સાધનો તેમજ ફાયર બ્રિગેડના જવાનો સુસજ જોવા મળ્યા હતા. જો જામનગર શહેરમાં વધુ પડતો વરસાદ અથવા તો વાવાઝોડા જેવી કોઈ પરિસ્થિતિ સર્જાય અથવા વરસાદમાં કોઈપણ જર્જરીત ઈમારતનો કાટમાળ ધસી પડે તો કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા ફાયર વિભાગ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત એસડીઆરએફના ૨૪ જવાનોની એક ટીમ પણ તકેદારીના ભાગરૂપે સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે. ભારે વરસાદની આગાહીના પગલે શૈક્ષણિક સંસ્થાનો પણ બંધ રાખવા સૂચન કરવામાં આવ્યું છે.

# ચોમાસાની ઋતુને પગલે દેવભૂમિ દ્વારકામાં ૧૫ ઓગસ્ટ સુધી દરિયામાં જવા પર પ્રતિબંધ

**સમય સંદેશઃ દ્વારકા**

દરિયાઈ હવામાનમાં સર્જાતી અનિશ્ચિત પરિસ્થિતિ અને માછીમારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર દરિયા કાંઠા અને ક્રિક (ખાડી) વિસ્તારમાં આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી માછીમારી સહિત તમામ પ્રકારની બોટ અવરજવર પર પ્રતિબંધ ફરમાવવા માં આવ્યો છે. આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડી જરૂરી સૂચનાઓ જાહેર કરી છે.



ચોમાસા દરમિયાન દરિયામાં ભારે પવન, ઊંચા મોજાં, વરસાદ અને વાવાઝોડા જેવી સ્થિતિ અચાનક સર્જાતી હોવાથી સમુદ્રમાં રહેલા માછીમારો સુધી સમયસર ચેતવણી પહોંચાડવામાં મુશ્કેલી ઉભી થાય છે. આ કારણે દર વર્ષે ચોમાસાની સિઝનમાં માછીમારી પર પ્રતિબંધ મૂકવાની પરંપરા મુજબ આ વર્ષે પણ સાવચેતીના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મત્સ્યોદ્યોગ વિભાગ તથા સંબંધિત પોર્ટ સત્તાધિકારીઓ પણ આ સમયગાળા દરમિયાન માછીમારી માટે કોઈ પરવાનગી આપશે નહીં.

જાહેરનામા મુજબ જિલ્લાના કોઈપણ દરિયાકાંઠા અથવા ખાડી વિસ્તારમાં માછીમારી કે અન્ય કોઈપણ હેતુસર બોટ લઈને જવા પર પ્રતિબંધ રહેશે. આ આદેશનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, આ પ્રતિબંધ પોર્ટ પર આવતા વ્યાપારી જહાજો, લશ્કરી અને અર્ધલશ્કરી દળો, પોલીસ, ગુજરાત મેરીટાઇમ બોર્ડની બોટ, સક્ષમ અધિકારીની મંજૂરી ધરાવતી ઓખા-બેટ દ્વારકા પેસેન્જર બોટ સેવા, બિનયાંત્રિક પરંપરાગત હોડીઓ તેમજ પગપાળા માછીમારી કરતા માછીમારોને લાગુ પડશે નહીં.

# જામનગરના લાલપુરમાં તંત્ર હાઈમોડ પરઃ ભારે વરસાદની આગાહીઃ લાલપુરમાં અધિકારીઓ માટે 'નો લીવ' ઓર્ડર

**સમય સંદેશઃ લાલપુર**

હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહીને પગલે લાલપુર તાલુકા તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. સંભવિત વરસાદી આપત્તિનો સામનો કરવા માટે પ્રાંત અધિકારી સંજયસિંહ અસવારની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ વિભાગોની તૈયારીઓ, રાહત અને બચાવ કામગીરીની વ્યવસ્થા તેમજ સંવેદનશીલ વિસ્તારોની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓએ આપત્તિ વ્યવસ્થાપન માટેની યોજનાઓ પર ચર્ચા કરી હતી.

પ્રાંત અધિકારીએ નીચાણવાળા વિસ્તારો, નદી-નાળાના કાંઠે આવેલા ગામો અને અગાઉ પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હોય તેવા વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા સૂચના આપી હતી. તેમણે તમામ વિભાગોને જરૂરી મશીનરી, માનવબળ અને બચાવ સાધનો અગાઉથી તૈયાર રાખવા તેમજ કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક કામગીરી શરૂ કરી શકાય તે માટે આયોજન પૂર્ણ કરવા જણાવ્યું હતું.

બેઠકમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પોલીસ વિભાગ, માર્ગ મકાન વિભાગ, પંચાયત, સિંચાઈ વિભાગ, વીજ કંપની સહિતના અધિકારીઓને મંજૂરી વગર મથક ન છોડવા અને આગામી દિવસોમાં ૨૪ કલાક એલર્ટ રહી સતત સંપર્કમાં રહેવાના આદેશ આપવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા તાલુકા કંટ્રોલ રૂમને પણ સક્રિય રાખવાની સૂચના આપવામાં આવી છે. આ સાથે, તંત્ર દ્વારા ગ્રામજનોને નદી-નાળાના પટમાં ન જવા, પાણી ભરાયેલા રસ્તાઓ પરથી પસાર ન થવા, વીજ થાંભલા અને વૃક્ષોથી દૂર રહેવા તેમજ જરૂરિયાત સિવાય બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. કોઈપણ આપત્તિજનક સ્થિતિમાં તાત્કાલિક સ્થાનિક તંત્રનો સંપર્ક કરવા પણ સૂચના આપવામાં આવી છે.

# જામનગરમાં જાહેર મૂતરડીઓ તોડી પાડતાં હાલાકીઃ નવી સુવિધા ઊભી કરવા આરટીઆઈ એક્ટિવિસ્ટની રજૂઆત

## જે.એમ.સી. તંત્ર દ્વારા જાહેર મૂતરડીઓ તોડી પડાઈ પણ નવી ન બનાવાતાં આમપ્રજા અને મહિલાઓ મુશ્કેલીમાંઃ વોર્ડ વાઈઝ નવી મૂતરડીઓ અને મોબાઈલ ટોયલેટની માંગણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી જાહેર મૂતરડીઓ તોડી પાડવામાં આવી છે, પરંતુ તેની જગ્યાએ નવી સુવિધાઓ ઊભી કરવામાં ન આવતાં આમપ્રજા અને મહિલાઓ ભારે પડોજણ અને મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ મુદ્દે સામાજિક કાર્યકર અને આરટીઆઈ એક્ટિવિસ્ટ કંસારા પ્રફુલ કે. 'રાજ' દ્વારા વહીવટી તંત્ર અને શાસક પક્ષના નેતાઓને પત્ર લખીને તાકીદે નવી મૂતરડીઓ બનાવવાની રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, એક તરફ જામનગર મહાનગરપાલિકા તંત્ર સ્વચ્છતાના નામે કરોડો રૂપિયાના હોર્ડિંગ્સ અને જાહેરાતો પાછળ ખર્ચ કરે છે, તો બીજી તરફ નાગરિકો માટેની અત્યંત આવશ્યક પ્રાથમિક સુવિધા સમાન મૂતરડીઓ તોડી પાડવામાં આવી છે. જાહેર સુવિધાના અભાવે નાગરિકોને જાહેરમાં શૌચ-મૂત્ર ત્યાગ કરવા મજબૂર બનવું પડે છે, જે અત્યંત ગંભીર બાબત છે.

જે.એમ.સી. તંત્ર સમક્ષ વસ્તીના ધોરણે નવી મૂતરડીઓઃ વોર્ડ નંબર ૧ થી દરેક વોર્ડમાં વસ્તીના પ્રમાણમાં સગવડતાવાળી નવી મૂતરડીઓ તાત્કાલિક બનાવવામાં આવે, મોબાઈલ ટોયલેટની સગવડઃ જ્યાં સુધી કાયમી નવી મૂતરડીઓ ન બને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા રૂપે મોબાઈલ ટોયલેટ મુકવામાં આવે અને મહિલાઓ માટે ખાસ સુવિધાઃ જાહેર સ્થળોએ મહિલાઓ માટે યોગ્ય અને સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા ઊભી કરવામાં આવે જેવી માંગણીઓ મૂકવામાં આવી છે.

જામનગરવાસીઓને મુશ્કેલીમાંથી ઉગારવા માટે અને સ્વચ્છતાની સુવિધા પુનઃ પ્રસ્થાપિત કરવા માટે વહીવટી તંત્ર તેમજ શાસક પક્ષના નેતાઓ તાકીદે પગલાં લે તેવી માંગણી કરવામાં આવી છે.

### કયા-કયા વિસ્તારોની મૂતરડીઓ તોડી પાડવામાં આવી?

૧.રૂપાલી ટોકીઝ પાસેની મૂતરડી, ૨.અનુપમ ટોકીઝ પાસેની મૂતરડી, ૩.રામડેરી સામેની મૂતરડી, ૪.દરબાર ગઢ પાસેની મૂતરડી અને ૫.દિ.પ્લોટ ઉદ્યોગ નગર રોડ પરની મૂતરડી

# જામનગરમાં યોજાનાર આગામી શ્રાવણી લોકમેળાથી મહાનગરપાલિકાને થશે પાંચ કરોડથી વધુની આવક

## ૧ સપ્ટેમ્બરથી ૧૧ દિવસ માટે શહેરના પ્રદર્શન મેદાન ખાતે યોજાશે લોકમેળોઃ આજથી મેળા માટેના પ્લોટની ટેન્ડર પ્રક્રિયા થશે શરૂઃ સીસી ટીવી કેમેરાથી રહેશે નજરઃ ખાણીપીણી અને રાઈડના પ્લોટ માટેના ટેન્ડરો ૧૩ ઓગષ્ટે ખુલશે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પ્રદર્શન મેદાનમાં શ્રાવણ માસની વદ પાંચમથી અમાસ સુધી એટલે કે, આજ તા.૧ થી ૧૧ સપ્ટેમ્બર સુધી શ્રાવણી મેળાના આયોજનને સ્ટેન્ડિંગ કમીટીએ મંજુરી આપ્યા બાદ આવતી કાલે તા.૧ ઓગસ્ટથી કુલ ૪૩ પ્લોટસના ટેન્ડરોની પ્રક્રિયા ચાલુ થશે. જેમાં મશીન મનોરંજન અને આઈસક્રીમના પ્લોટસના ઓનલાઈન અને બાકીના પ્લોટોના ઓફલાઈન ટેન્ડરો થશે. જે તા.૧૩ ઓગસ્ટના રોજ ખુલશે.

દર વર્ષની જેમ મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે પણ પ્રદર્શન મેદાનમાં શ્રાવણી મેળા યોજવામાં આવ્યા છે. જેમાં મશીન મનોરંજનના ૬, ચિલ્ડ્રન રાઈડઝના ૮, આઈસક્રીમના બે, રમકડાના ૬, મીની રાઈડઝના ૭ફુડના ૭, પોપકોર્નના ૭ મળીને કુલ ૪૩ પ્લોટોના ટેન્ડરોની પ્રક્રિયા વહેલી શરુ કરવામાં આવી રહી છે. જેથી કરીને જે તે ધંધાર્થીઓને પોતાની સામગ્રી ગોઠવવા માટેનો તેમજ અન્ય વિભાગિય મંજુરીની પ્રક્રિયા, ફીટનેસ ટેસ્ટીંગ માટેની અરજીઓનો સમય મળી રહે. તંત્ર દ્વારા આ વર્ષે મશીન આઈસક્રીમના બે પ્લોટ માટે મનોરંજનના ૬ પ્લોટ માટે અને ઓનલાઈન પધ્ધત્તિએ ટેન્ડરો મંગાવવામાં આવશે.

જેમાં લોકો તા.૧ ઓગસ્ટથી ઓગસ્ટ અરજીઓ કરી શકશે. જ્યારે બાકીના ધોરણે બંધ કવરમાં

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પંચાયતી રાજ પદાધિકારીઓ માટે તાલીમ કાર્યક્રમઃ પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં RGSA અંતર્ગત આયોજન




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ટાઉનહોલ ખાતે 'રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન' અંતર્ગત જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ માટે એક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પંચાયતી રાજ સંસ્થાઓની ક્ષમતા વધારીને ગ્રામીણ વિકાસના કાર્યોને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવાનો હતો. પ્રભારી મંત્રીએ જનપ્રતિનિધિઓને મતદારોએ સોંપેલી પાંચ વર્ષની જવાબદારી પારદર્શિતા, જવાબદારી અને જનભાગીદારી સાથે નિભાવવા હાકલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય રાઘવજી પટેલે જણાવ્યું હતું કે ભારતનો આત્મા ગામડાઓમાં વસે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પ્રેમિકાની બાળકીની નિર્દયતાથી હત્યા કરનાર આરોપી પ્રેમીને આજીવન કેદ

## પ્રેમિકા ઘરે હાજર ન હોય, પ્રેમીએ બાળકીને પેટમાં બચકા ભરી નિર્દયતાથી માર મારતાં સારવારમાં મૃત્યુ નિપજ્યું હતું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં રહેતા સરવરીબેન રવિભાઈ પાનસુરીયાને વિરેન જાનકીદાસ રામાવત સાથે પ્રેમસંબંધ હતો. છૂટાછેડા બાદ સરવરીબેન પોતાના પ્રથમ લગ્નજીવનમાં જન્મેલી પાંચ વર્ષની પુત્રી સાથે રહેતી હતી. પ્રેમી આરોપી વિરેન બાળકીના કારણે બંનેના સંબંધમાં અવરોધ હોવાનું માની બાળકીને સાથે રાખવાનો વિરોધ કરતો હતો.

૨૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ આરોપી સરવરીબેનના ઘરે પહોંચ્યો હતો અને પાંચ વર્ષની બાળકીને ''તું મરતી નથી અને અમારો રસ્તો સાફ કરતી નથી'' તેમ કહી પેટમાં બટકું ભરી વેલણ અને ચમચા જેવા સાધનોથી નિર્દયતાપૂર્વક માર માર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલી બાળકીને પ્રથમ ખાનગી અને ત્યારબાદ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. શરૂઆતમાં બાળકી દાદરા પરથી પડી હોવાનું જણાવાયું હતું, પરંતુ સારવાર દરમિયાન ૨૫ નવેમ્બરના રોજ બાળકીનું મોત થયું હતું.

દરમ્યાન પોસ્ટમોર્ટમમાં બાળકીના માથા, પેટ સહિત શરીરના ૧૫ જેટલા ભાગોમાં ગંભીર ઇજાઓ હોવાનું બહાર આવ્યું હતું. જેના પરથી આરોપી વિરેન સામે હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન મૃતક બાળાની માતાએ પોતાની અગાઉ નોંધાવેલી ફરિયાદથી વિપરીત નિવેદન આપી આરોપીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

જોકે, તપાસ અધિકારી દ્વારા એકત્ર કરાયેલા પડોશીઓ, બાળાની નાનીના નિવેદનો, આરોપી અને ફરિયાદી વચ્ચે થયેલા ફોન કોલ્સની વિગતો તેમજ બંનેને બાળકી સાથે હોસ્પિટલમાં જોયા હોવાના સ્વતંત્ર સાક્ષીના પુરાવાઓને અદાલતે વિશ્વસનીય માની આરોપીને દોષિત ઠેરવ્યો હતો. તેમજ સરકારી વકીલ દીપક આર. ત્રિવેદીએ કેસમાં મજબૂત પુરાવા રજૂ કરતાં અદાલતે વિરેન જાનકીદાસ રામાવતને આજીવન કેદની સજા અને રૂ. ૧૦ હજારનો દંડ ફટકારવાનો હુકમ કર્યો હતો.

# ભાણવડમાં દારૂના ગુન્હામાં ભાગેડુ બે શખ્સોને ઝડપી લેતી જામનગર પોલીસ



**સમય સંદેશઃ ભાણવડ**

જામનગર શહેરમાં ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવાના અભિયાન હેઠળ સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દરમિયાન મળેલી બાતમીના આધારે ભાણવડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી હિતેશ ઉર્ફે સાકીડો સોમાભાઈ ચાવડા (ઉ.વ. ૩૩)ને જામનગર ખાતે તેના રહેઠાણેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની સામે જામનગર સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પણ પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલ હોવાથી ધોરણસર અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઉપરાંત સર્વેલન્સ ટીમે બીજી કાર્યવાહી દરમિયાન ભાણવડ પોલીસ સ્ટેશનના જ પ્રોહિબિશન કેસમાં નાસતા ફરતા નાજીર ઉર્ફે નાજલો નુરમામદભાઈ ધોધા (ઉ.વ. ૨૭)ને શંકરટેકરી વિસ્તારમાં આવેલા તેના રહેઠાણેથી ઝડપી પાડ્યો હતો. તેની સામે પણ પ્રોહિબિશનના ગુનામાં અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બંને આરોપીઓ ભાણવડ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હોવાથી તેમની અટકાયત અંગે ભાણવડ પોલીસને જાણ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી માટે આરોપીઓને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# લાંચ કેસમાં નાયબ મામલતદારને ત્રણ વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

લાંચ અંગેના એક કેસમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા અધિકારીને ત્રણ વર્ષની સજાનો સ્થાનિક અદાલતે હુકમ કર્યો હતો. આ ચકચારી કેસની હકીકત એવી છે કે, મનોજભાઇ બળવંતભાઇ ઠાકર રાજ્યસેવક તરીકે જામનગર ખાતે જમીન શાખામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં હતાં.

દરમિયાન ફરિયાદીના સંબંધી રવજીભાઇ વશરામભાઇ ગોહિલે નવાગામ ઘેડ સર્વે નંબર ૨૩૯(૧) વાળી પાંચ વિઘા જમીન બિનખેતી કરવા માટે કલેકટર જામનગરની કચેરીમાં અરજી કરતાં લગત કાગળો અને બિનખેતી કરવાનો વહીવટ આરોપી મનોજ ઠાકર કરતાં હોય ફરિયાદીએ કલેકટર કચેરીમાં જમીન શાખામાં જતાં આરોપીએ આ જમીન બિનખેતી કરી આપવાના અવેજ પેટે એક ફૂટના રૂપિયા ૧૦ લેખે ૪૦ હજાર ફૂટ જમીનના રૂપિયા ચાર લાખની માંગણી કરેલ હતી અને રકઝકના અંતે રૂા.૩.૬૦ લાખ આપવાનું નક્કી થયેલ હતું.

જે પૈકી રૂપિયા બે લાખ તા.૧૩-૧-૨૦૧૪ ના રોજ આરોપીએ ફરિયાદી પાસેથી લીધેલ હતાં અને બાકીની રકમ રૂપિયા ૧.૬૦ લાખ ૧૮-૧-૨૦૧૪ ના રોજ આપવાનો વાયદો કરેલ. જે વાયદા મુજબ આરોપીએ ૧૮-૧-૨૦૧૪ ના રોજ જામનગર કલેકટર કચેરી ખાતે ૧૨:૩૫ કલાકે ગોઠવાયેલા લાંચના છટકામાં ફરિયાદી પાસેથી લાંચની રકમ રૂપિયા ૧,૬૦,૦૦૦ માંગીને સ્વિકાર કરતાં ઝડપાઇ ગયેલ હતાં. જામનગર એસીબી પોલીસ સ્ટેશનમાં આરોપી મનોજભાઇ બળવંતભાઇ ઠાકોર સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૭, ૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબ ગુન્હો નોંધી ચાર્જશીટ કરેલ હતી.

અનુ પાના નં.૨ પર

# જામનગર કોચિંગ ક્લાસ એસોસિએશન સાથે જોડાયેલા તમામ ખાનગી ક્લાસીસ બંધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર કોચિંગ ક્લાસ એસોસિયેશન સાથે સંકળાયેલા તમામ ખાનગી ક્લાસીસ પણ બે દિવસ કાર્ય સંપૂર્ણ બંધ રાખશે એવું જામનગર કોચિંગ ક્લાસ એસોસિએશનના પ્રમુખ શ્રી જતીનભાઈ સોમૈયા એ જણાવેલું હતું કે વિદ્યાર્થીને સુરક્ષા અને હિતને સર્વત્ર પ્રાથમિકતા આપતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જિલ્લાના તમામ ક્લાસીસ સંચાલકોને જિલ્લા તંત્રના આ આદેશનું ચુસ્ત પણે પાલન કરવા તેમજ વિદ્યાર્થીઓને અનાવશ્યક બહાર ન નીકળવા માટે અપીલ જતીન સોમૈયા પ્રમુખ જામનગર કોચિંગ ક્લાસ એસોસિએશન કરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com